# Mukhyamantri Yuva Svavlamban Yojna – MYSY

**Financial and other scholarship/assistantship for meritorious and needy students of all classes for pursuing Higher Education in the state of Gujarat**

**Eligibility criteria for Scholarship for Academic Year 2020-21**

- For scholarship in Diploma admissions, the candidate should have passed the Std X from a recognized board from state of Gujarat with minimum 80 percentile in the board examination
- For scholarship in Bachelor degree programs, the candidates should have passed Std XII Science/ General stream from recognised board from the state of Gujarat with minimum80 percentile in the board examination.
- For Diploma to Degree students the minimum eligibility criteria for availing the benefits of the scheme is a 65% marks at Diploma level examination from recognised university situated in the state of Gujarat.
- The candidates whose parents annual income is not more than Rs. 6,00,000/- per annum shall only be considered eligible for the said scheme.
- The State Government has approved the validity of income certificate for three financial years from date of issue. Accordingly, a candidate who has a valid income certificate need not have to issue it again for next three years financial years.

**(A) Tuition Fee Scholarship:**

- For admission in Medical and Dental Graduate Level programs in Government Approved self finance institutes, candidate is eligible for 50% of the approved annual tuition or 2,00,000/-whichever is less.
- For admission in Engineering/Technology, Pharmacy, Architecture, Nursing, Physiotherapy, Ayurved, Homeopathy, Paramedical or Veterinary Graduate Level program in Government Approved self finance Institutes, candidate is eligible for 50% of the approved annual tuition or 50,000/- , whichever is less.
- For admission in BSc, B.Com., B.A., B.B.A. or BCA Graduate Level program in Government Approved self finance Institutes, Candidate is eligible for 50% of the approved annual tuition or 10,000/- , whichever is less.
- For admission in Diploma courses in Government Approved self finance Institutes, Candidate is eligible for 50% of the approved annual tuition or 25,000/- , whichever is less.

**(B) Hostel Accommodation and food assistance:**

- For Graduate or Diploma level students who has not secured admission in Government/Grant In Aid hostel and who is residing outside of their residential native Taluka place is eligible for Scholarship of Rs. 1,200 per month (for maximum 10 months) in a year.

**(C) Book- Instrument Assistance:**

- A onetime book- instrument assistance in the first year of admission for the entire duration of course is available as per following details

1. Graduate level student of Medical and Dental is eligible forRs. 10000/- ;
2. Graduate levelEngineering, Technology, Pharmacy, Architecture student is eligible for Rs. 5000/-
3. Diploma level student is eligible for Rs. 3000/-.

**Implementation of Scheme:**

- The sanctioned scholarship will be directly credited into bank account of student.
- The process of Higher Education assistance will be carried out by, Knowledge Consortium of Gujarat (KCG).
- The web portal for Online application : www.mysy.guj.nic.in
- Nearly 91 Help centres are established at various Institutes/Universities for assisting the students.
- Help line number : **079-26566000**
- The email address for correspondence : **mysygujarat@gmail.com**
- For more details about scheme please visit : http://mysy.guj.nic.in

# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

**ઉચ્ચશિક્ષણમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો.**

### શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી ઉચ્ચ શિક્ષણ સહાય માટે પાત્રતાના ધોરણો....

- ગુજરાતમાં આવેલ માન્ય બોર્ડની ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી ડિપ્લોમા અભ્યાસક્રમનાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ.
- ગુજરાતમાં આવેલ માન્ય બોર્ડની ધોરણ-૧૨ની સામાન્ય અથવા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ મળશે.
- ગુજરાતમાં આવેલ માન્ય યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષા ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી ડિગ્રી અભ્યાસક્રમના પ્રથમ / બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડીના વિદ્યાર્થીઓને લાભ મળશે.
- રૂા. ૬,૦૦,૦૦૦/- સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનોને આ યોજનાનો લાભ મળશે.
- રાજ્ય સરકારે આવક મર્યાદાના પ્રમાણપત્રને ત્રણ માટે માન્ય રાખવાનો નિર્ણય કર્યો છે. જેનો લાભ તમામ વિદ્યાર્થીઓને મળશે. જેની પાસે આવકના પ્રમાણપત્રો હશે તેમણે ત્રણ વર્ષ સુધી આવકનું પ્રમાણપત્ર ફરીથી પ્રાપ્ત કરવાની આવશ્યકતા રહેતી નથી.

### (અ) ટ્યુશન ફી સહાય:

- સરકાર માન્ય સંસ્થામાં મેડીકલ અને ડેન્ટલના સ્નાતક કક્ષાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીના ૫૦% રકમ રૂા. ૨,૦૦,૦૦૦/-ની મર્યાદામાં મળવાપાત્ર.
- ઈજનેરી / ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, એગ્રીકલ્ચર, નર્સીંગ, ફિઝીયોથેરાપી, આયુર્વેદ, હોમિયોપેથી, પેરામેડીકલ, વેટરનરી જેવા સરકાર માન્ય સંસ્થાના સ્નાતક કક્ષાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ રૂા. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં મળવાપાત્ર.
- બી.એસ.સી., બી.કોમ., બી.એ., બી.બી.એ., બી.સી.એ. જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ રૂા. ૧૦,૦૦૦/-ની મર્યાદામાં મળવાપાત્ર.
- સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર ડિપ્લોમા અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% રકમ રૂા. ૨૫,૦૦૦/- મર્યાદામાં મળવાપાત્ર.

**<u>ખાસ જોગવાઈ:</u>**

- સરકારી મેડીકલ, ડેન્ટલ, ઈજનેરી કોલેજોમાં જનરલ બેઠકો ઉપર અનામત કક્ષાના ઉમેદવારો જે સંખ્યામાં પ્રવેશ મેળવે તેના કારણે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો તેવા વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજ અને સરકારી કોલેજની ટ્યુશન ફીના તફાવતની રકમ મળવાપાત્ર છે.

### (બ) રહેવા જમવા સહાય:

- સ્નાતક અથવા ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી / અનુદાનિત છાત્રાલયમાં પ્રવેશ નહીં મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને દર મહિને રૂા. ૧૨૦૦/- (દસ મહિના માટે) મળવાપાત્ર છે.

### (ક) સાધન-પુસ્તક સહાય:

- સ્નાતક કક્ષાના મેડિકલ, ડેન્ટલમાં રૂા. ૧૦,૦૦૦/- અને ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચરમાં રૂા. ૫,૦૦૦/- અને ડિપ્લોમામાં રૂા. ૩,૦૦૦/- પ્રથમ વર્ષે એકવાર મળવાપાત્ર ડિપ્લોમા અને સ્નાતક અભ્યાસક્રમના નિયત સમયગાળા સુધી સહાય મળવાપાત્ર.

### યોજનાનું અમલીકરણ:

- આ યોજના હેઠળ મંજૂર થયેલ ઉચ્ચ શિક્ષણ સહાયની રકમ વિદ્યાર્થીઓના બેન્ક એકાઉન્ટમાં સીધી જમા.
- ઉચ્ચ શિક્ષણની સહાયની કાર્યવાહી નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કેસીજી) મારફતે.
- વેબપોર્ટલ mysy.guj.nic.in મારફત ઉચ્ચ શિક્ષણ માટેની સહાય અંગેની ઓનલાઈન અરજીઓ.
- વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીઓ / સંસ્થાઓ ખાતે ૯૧ જેટલા હેલ્પ સેન્ટર્સ ઊભા કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓની સહાય માટે હેલ્પલાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦.
- E-mail address for correspondence: **mysygujarat@gmail.com**
- આ યોજનાની વધુ જાણકારી હેતુ અને સહાય મેળવવા અરજી કરવા માટેની વેબસાઈટ: **http://mysy.guj.nic.in**